આણંદ સાયબર ક્રાઇમ પોલીસે હવાલા મારફતે નાણા વિદેશ મોકલવાનું કૌભાંડ પકડી પાડ્યું

ઉમરેઠના 5 શખસે હવાલા મારફતે 3.38 કરોડ દુબઈ મોકલ્યાં : 3ની ધરપકડ કરાઈ

રૂપિયા ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરી દુબઇ મોકલાતા હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદ સાયબર ક્રાઇમ પોલીસે મ્યુલ એકાઉન્ટની તપાસ દરમિયાન હવાલા મારફતે વિદેશમાં નાણા મોકલવાનું કૌભાંડ પકડી પાડ્યું છે. ઉમરેઠના પાંચ જેટલા ગઠિયાએ જુદા જુદા 17 બેન્ક એકાઉન્ટનો ઉપયોગ કરી રૂ.3.38 કરોડને ક્રિપ્ટો કરન્સીમાં કન્વર્ટ કરી દુબઇ મોકલ્યાં હતાં. આ ગેંગનો પર્દાફાશ થતાં સાયબર ક્રાઇમ પોલીસે ગુનો નોંધી 3ની ધરપકડ કરી છે, જ્યારે 2 ભુગર્ભમાં ઉતરી ગયાં છે.

રાજ્ય સરકાર દ્વારા 'ઓપરેશન મ્યુલ હન્ટ' ડ્રાઇવ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા વિવિધ બેન્ક ખાતાઓની માહિતી મેળવી તપાસ ચલાવવામાં આવી રહી છે. જેમાં અલગ અલગ ત્રણ ગુના દાખલ કરી સાત આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પરંતુ આ મ્યુલ એકાઉન્ટની તપાસણી દરમિયાન જિલ્લા પોલીસ વડા જી. જી. જસાણીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર સી.પી. ચૌધરીએ બેન્ક સ્ટેટમેન્ટ, ટેકનીકલ માહિતી અને મોબાઇલ નંબરના સીડીઆરનું જીણવટપૂર્વક એનાલીસીસ કરી નામ, સરનામા, ટ્રાન્જેકશન, નાણા હેરાફેરીની વિગત, રૂટ તથા મોબાઇલ લોકેશન ડેટાબેઝ

તૈયાર કરી હ્યુમન ઇન્ટેલીજન્સ અને ટેકનીકલ સર્વેલન્સ પ્રમાણે તપાસ હાથ ધરી હતી.

આ તપાસ દરમિયાન અલગ અલગ 17 જેટલા બેન્ક એકાઉન્ટમાં કુલ રૂ.3,38,27,790નું શંકાસ્પદ ટ્રાન્જેકશન જોવા મળ્યું હતું. આ ટ્રાન્જેકશન પાછળ ગૌરવ ઠાકુરભાઈ શાહ (રહે. ત્રણ પોળ, ઉમરેઠ), કૃતાર્થ દિવ્યાંગકુમાર શાહ (રહે. કોર્ટ રોડ, ઉમરેઠ) અને તેના મિત્રો ઋષિ અતુલકુમાર શાહ (રહે.રેવા કાકાની પોળ, ઉમરેઠ), ભારદ્વાજ યોગેશભાઈ ભીંડી (રહે.પાટળ પોળ, ઉમરેઠ), હિરલકુમાર મિતુલભાઈ પટેલ (રહે. બેચરી, તા. ઉમરેઠ)ની મદદ મેળવી દેશના અલગ અલગ રાજ્યોના સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકો પાસેથી કોઇ પણ રીતે 3.38 કરોડ મેળવ્યાં હતાં. જે નાણા મળતીયાને હવાલા મારફતે મોકલ્યાં હતાં. જેમાં યુએસડીટીમાં કન્વર્ટ કરી દુબઇ ખાતે મોકલી સમગ્ર ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપ્યો હતો. આમ, ખાતા ધારકોની સંમતી વગર નાણા મેળવી ઓર્ગેનાઇઝ ક્રાઇમ આચર્યું હતું. આ અંગે પાંચેય સામે ગુનો નોંધી ઋષિ શાહ, હિરલ પટેલ અને ભારદ્વાજ યોગેશ ભીન્ડીની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ગૌરવ અને કૃતાર્થ હાલ ભાગતા ફરી રહ્યાં છે.

બેન્ક એકાઉન્ટ ખોલાવી નાણા ટ્રાન્સફર કર્યા

સાયબર ક્રાઇમના પોલીસ ઇન્સ્પેક્ટર સી.પી. ચૌધરીએ જણાવ્યું હતું કે, આ પાંચેય શખસ એકબીજાના મેળા પીપણામાં પૂર્વ આયોજીત રીતે ષડયંત્ર રચી લોકોને વિશ્વાસમાં લઇ એકાઉન્ટ ખોલાવી બેન્ક એકાઉન્ટના ધારકોને વિશ્વાસમાં લઇ તેમના બેન્ક ખાતાઓમાં રૂપિયા ઓનલાઇન ટ્રાન્સફર કરાવી નામા મેળવી આગળ હવાલા મારફતે તેમના મળતીયાઓને મોકલી સાયબર ફ્રોડને અંજામ આપતાં હતાં.

બોરસદની હોસ્પિટલના કર્મીએ 50 લાખની છેતરપિંડી આચરી

અશ્મિ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના 3 કર્મી સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.17

બોરસદની અશ્મિ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં ફરજ બજાવતા 3 કર્મચારીએ સોફ્ટવેરના રાઇટ્સની આઈડી પાસવર્ડનો ઉપયોગ કરી રૂ.50 લાખનો ગોટાળો કર્યો હતો. આ અંગે બોરસદ શહેર પોલીસે ત્રણેય સામે ગુનો નોંધ્યો હતો.

બોરસદના ગાજણા ગામમાં રહેતા જયપાલસિંહ રણજીતસિંહ મહિડા ડોક્ટર છે અને તેઓની ખાનગી હોસ્પિટલ અશ્મિ સુપર સ્પેશ્યાલીટી બોરસદમાં આવેલી છે. આ હોસ્પિટલમાં અશ્મિ ફાર્મસી પણ આવેલી છે. જ્યાં ઓક્ટોબર, 2022થી ચેતન રમેશ ડાભી (રહે. ભાદરણીયા, તા. બોરસદ) મેનેજર તરીકે નોકરી કરતો હતો. તેની સાથે અજયસિંહ ભરતસિંહ મહિડા (રહે. ગાંજણા) અને ચિરાગ રાકેશ ચાવડા (રહે. દાવોલ) પણ નોકરી કરતાં હતાં. આ હોસ્પિટલમાં કેટાલીસ્ટ સોફ્ટવેરથી હોસ્પિટલ અને ફાર્મસીની રોજિંદા બિલની એન્ટ્રી કરવામાં આવતી હતી. જેમાં દર્દીના રજીસ્ટર કરવાથી લઇ બીલ બનાવવા, દવા આપવી સહિતના કામ થતાં હતાં. જેના રાઇટ્સ ડો. જયપાલસિંહ અને ડો. મેહુલભાઈ શાહ પાસે હતાં. દરમિયાનમાં 1લી ઓગષ્ટના રોજ હિસાબ જોતા 194 બિલમાંથી 187 બીલ થઇ ગયાં હતાં. આમ, બિલ ઘટ થતા જોવા મળતાં તપાસ હાથ ધરી હતી. જેમાં અજયસિંહની પુછપરછ કરતાં તેણે ચેતને સાત બીલ ડીલીટ કર્યાં હોવાનું જાણવા મળ્યું હતું. આમ, કંઈક ગડબડ લાગતાં અજયની સઘન પુછપરછ કરી હતી. જેમાં ચેતનને જેટલા પૈસાની જરૂર હોય તેટલા પૈસા કેશ કાઉન્ટરમાંથી ચોરી કરતો હતો અને તેટલી રકમના બિલ તે સોફ્ટવેરમાંથી ડીલીટ કરી દેતો હતો. જેથી સિલક અને સોફ્ટવેરમાં બતાવેલી રકમ સરખી થઇ જતી હતી. આમ છેતરપિંડીનો ઘટસ્ફોટ થયો હતો. ચેતને 14મી ઓગષ્ટ,2023થી 31મી જુલાઇ,2025ના ગાળા દરમિયાન કુલ રૂ.24.80 લાખના બિલ ડીલીટ કરી પૈસા ચોરી લીધાં હતાં. આ ઉપરાંત દવાના જથ્થામાં પણ 25 લાખ જેટવી ઘટ જોવા મળી હતી. આ અંગે બોરસદ શહેર પોલીસે ચેતન રમેશ ડાભી, અજયસિંહ ભરતસિંહ મહિડા, ચિરાગ ચાવડા સામે ગુનો નોંધ્યો હતો.

આણંદમાં ઝાડ સાથે બાઈક અથડાતાં યુવકનું કરુણ મોત

જીટોડીયાથી અંધારીયા ચકલા તરફ જતાં લાકડાના પીઠા પાસે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદના જીટોડીયાથી અંધારિયા ચકલા તરફ જતાં રોડ પર લાકડાના પીઠાની સામે પુરપાટ ઝડપે જતા બાઇક ચાલકે કાબુ ગુમાવતા રોડ પરથી ઉતરી છાડ સાથે અથડાયો હતો. આ અકસ્માતમાં બાઇક ચાલકનું મોત નિપજ્યું હતું. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદ શહેરની કોહીનુર સોસાયટીમાં રહેતા અલ્ફાઝ ફિરોઝભાઈ વ્હોરાનો મોટો ભાઇ ઈમરાન ફિરોજભાઈ ઉર્ફે લાલો મન્સુરી વ્હોરા (ઉ.વ.29) ભાલેજ મુકામે આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. દરમિયાનમાં 16મીના રોજ ઈમરાનને જીટોડીયા પાસે અકસ્માત થયો હોવાનું અને તેને તાત્કાલિક સારવાર માટે કરમસદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આથી, અલ્ફાઝ તુરંત હોસ્પિટલ પર પહોંચ્યો હતો. પરંતુ બપોરના સુમારે ઈમરાનનું સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું હતું. આ અકસ્માત અંગે તપાસ કરતાં આણંદના જીટોડીયાથી અંધારીયા ચકલા તરફ પુરપાટ ઝડપે જતા પેટ્રોલ પંપથી આગળ લાકડાના પીઠાની સામે રોડની બાજુમાં ઝાડ સાથે બાઇક અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈમરાન ગંભીર રીતે ઘવાતા મૃત્યું નિપજ્યું હતું. આ અંગે અલ્ફાઝ વ્હોરાની ફરિયાદ આધારે આણંદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધ્યો હતો.

પાંચ વર્ષ પહેલા લાંચ માંગનારા તત્કાલીન 2 કોન્સ્ટેબલ અને જીઆરડી સામે ગુનો નોંધાયો

કપડવંજમાં ઘઉંના કટ્ટા ભરેલી ગાડી મુદ્દે 2 કોન્સ્ટેબલે ₹90 હજારની લાંચ લીધી

લાંચ માંગવા સહિતની વાતચીત મોબાઇલમાં રેકોર્ડીંગ કરી એસીબીમાં સીડી રજુ કરી હતી

(પ્રતિનિધિ) કપડવંજ તા.17

કપડવંજ ગ્રામ્ય પોલીસ હદમાં આવતી રેલીયા ગામની ચેક પોસ્ટ પર પાંચ વર્ષ પહેલા ફરજ બજાવતા 2 કોન્સ્ટેબલે ઘઉંના કટ્ટા ભરેલી ગાડી ઉભી રાખી હતી. આ સમયે ગાડી ચાલક સામે કોઇ દસ્તાવેજી પુરાવા ન હોવાથી તેમની પાસે પાંચ લાખની લાંચ માંગી હતી. જોકે, રકઝકના અંતે એક લાખ આપવાનું નક્કી થયુ હતું. જેમાં 80 હજાર આંગડિયા અને 10 હજાર ઓનલાઇન લીધા હતા. આ અંગેની વાતચીત મોબાઇલમાં રેકોર્ડીંગ કરી એસીબીમાં રજુ કરાઇ હતી. જ્યાં એફએસએલ કરાયા બાદ બન્ને તત્કાલીન કોન્સ્ટેબલ અને જીઆરડી સામે ગુનો નોંધાયો છે.

કપડવંજ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ રણજીતસિંહ શીવાજી ઝાલા, કોન્સ્ટેબલ રાજેશ ભીખાભાઈ બારૈયા અને જીઆરડી રાજેન્દ્રકુમાર પરબતસિંહ ગઢવી વર્ષ 2021માં ફરજ બજાવતાં હતાં. તેઓ 17મી એપ્રિલ 2021ના રોજ રેલીયા પોલીસ ચેક પોસ્ટ પાસે વાહન ચેકીંગમાં હતાં. આ દરમિયાન તેઓએ ઘઉંના કટ્ટા ભરેલી ટ્રક રોકી હતી. આ અંગે ચાલકની પુછપરછ કરતાં તે મોડાસાથી મુંબઈ જવા નિકળ્યો હોવાનું જણાવ્યું હતું. કોન્સ્ટેબલ અને જીઆરડીએ ટ્રકને લગતા કાગળો તથા ભરેલા સામાન અંગેના કાગળો માંગ્યાં હતાં. પરંતુ ચાલક આપી શક્યો નહતો. જેથી ટ્રક જમા લઇ તેની ઉપર કેસ કરવાની વાત કરી હતી. આ કેસ ન કરવો હોય તો રૂ. પાંચ લાખની માંગણી કરી હતી. જોકે, રકઝક બાદ એક લાખ લેવાના નક્કી થયાં હતા. જેમાં રૂ.80 હજાર આંગડીયા પેઢી મારફતે રૂ.80 હજાર રોકડા અને 10 હજાર ઓનલાઇન લીધાં હતાં. આમ, કુલ 90 હજાર લીધાં હતાં. આ સમયે લાંચની માંગણી અને સ્વિકૃતિ સંબંધે થયેલી વાતચીત, લેવડ-દેવડ મોબાઇલમાં રેકોર્ડીંગ કરી લીધું હતું. જેની સીડી એસીબીમાં રજુ કરતા તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. પ્રાથમિક તપાસ દરમિયાન લાંચની લેતીદેતી સંબંધે હેતુલક્ષી વાતચીત કરી લાંચ લીધેલી હોવાના દસ્તાવેજી પુરાવા, ટેકનીકલ પુરાવા તથા વૈજ્ઞાનિક સાંયોગિક પુરાવા મળી આવ્યાં હતાં. આમ ગુનો સ્પષ્ટ થતાં ખેડા એન્ટી કરપ્શન બ્યુરોના પોલીસ ઇન્સ્પેક્ટર જે. આર. પટેલે તત્કાલીન કોન્સ્ટેબલ રણજીતસિંહ શીવાજી ઝાલા, રાજેશ ભીખાભાઈ બારૈયા અને જીઆરડી રાજેન્દ્રકુમાર પરબતસિંહ ગઢવી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ-ગોધરા વચ્ચે 110 કિમી ઝડપે ટ્રેન દોડશે

ગતિ અપગ્રેડ પ્રાપ્ત કરવા માટે સેકશનમાં બેલાસ્ટ પ્રોફાઈલમાં સુધારા કરવામાં આવ્યા

(પ્રતિનિધિ) આણંદ તા. 17

વડોદરા ડિવિઝન દ્વારા આણંદ-ગોધરા સેક્શન પર ટ્રેનોની મહત્તમ માન્ય ગતિ સફળતાપૂર્વક વધારીને 110 કિમી પ્રતિ કલાક કરવામાં આવી છે. આનાથી રેલ વિભાગની ક્ષમતા વધશે અને સમય બચશે, જેનાથી મુસાફરોની મુસાફરી વધુ આરામદાયક બનશે.

પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યા અનુસાર, આણંદ-ગોધરા સેક્શનની કુલ લંબાઈ 78 કિલોમીટર છે. જ્યારે આ સેક્શન પર મુસાફરોની અવરજવર શરૂ થઈ, ત્યારે અપલાઈન પર ગતિ મર્યાદા લાદવામાં આવી હતી. ગતિ અપગ્રેડ પ્રાપ્ત કરવા માટે, સેકશનમાં બેલાસ્ટ પ્રોફાઈલમાં વ્યવસ્થિત સુધારા કરવામાં આવ્યા અને કેટલાક પુલોને મજબૂત બનાવવામાં આવ્યા છે.

આ પહેલ વડોદરા ડિવિઝનની આધુનિક જાળવણી પદ્ધતિઓ અપનાવવા અને સુધારેલી કાર્યકારી કાર્યક્ષમતા માટે માળખાગત અપગ્રેડનો લાભ લેવાની પ્રતિબદ્ધતા પણ દર્શાવે છે.

સ્પીડ અપગ્રેડથી આ મહત્વપૂર્ણ રેલ કોરિડોર પર મુસાફરોને મુસાફરીનો સમય ઓછો થશે, ટ્રેનોના સુગમ સંચાલન અને સેવાઓની વધુ વિશ્વસનીયતાનો લાભ મળશે.

ચુણેલ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચે રાજીનામુ આપી દીધું

વહીવટમાં ભ્રષ્ટાચાર અને દબાણના ગંભીર આક્ષેપો કરતા તાલુકા જિલ્લા પંચાયતમાં હડકંપ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૭

ખેડા જિલ્લાના મહુધા તાલુકાની ચુણેલ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચે પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દેતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ રાજીનામાના પગલે આક્ષેપ કરતાં ભારે દોડધામ મચી હતી.

મહુધા તાલુકાના ચુણેલ ગામના ડેપ્યુટી સરપંચ તરીકે ફરજ બજાવતા ગીતાબેન હિતેશભાઈ ચૌહાણે તાલુકા વિકાસ અધિકારી મહુધાને ઉદ્દેશીને લખેલા પત્રમાં પંચાયતના વહીવટમાં ચાલતી ગેરરીતિઓ અને રાજકીય દબાણ અંગે ચોંકાવનારા આક્ષેપો કર્યા છે. જેમાં મુખ્ય મુદ્દાઓમાં ગેરકાયદે નાણાકીય વ્યવહારની આશંકા વ્યક્ત કરી છે. જેમાં અગાઉ કામો રદ કરવામાં આવ્યા હતા અથવા જે કામો પંચાયત દ્વારા જ પૂર્ણ કરવામાં આવ્યા હતા, તેની નવી ફાઈલો બનાવીને ખોટી રીતે પૈસા ઉપાડવાની પેરવી કરવામાં આવી રહી હોય તેવું તેમને જણાય રહ્યું છે. આ બિલો ઉપર તેમની પર

સહી કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ કર્યો છે. વધુમાં રાજીનામાના પત્રમાં જણાવ્યું મુજબ તેમને જાણ ન હોય તેવી ફાઈલો પર સહી કરવા માટે રાજકીય માણસો દ્વારા અનેક પ્રકારના દબાણો કરવામાં આવતા હતા. ડેપ્યુટી સરપંચે સ્વીકાર્યું છે કે તેઓ પોતે માત્ર ધોરણ-૪ સુધી ભણેલા હોવાથી કાયદાકીય અને વહીવટી જ્ઞાન ઓછું ધરાવે છે. આ સ્થિતિનો લાભ લઈને પંચાયતના અન્ય જવાબદારો ખોટા કામો કરાવી શકે તેવી તેમને ભીતિ હોઇ તા. 15મી ડિસેમ્બર,2025થી તેઓ ચૂણેલ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ તરીકેની કોઈ પણ જવાબદારી સંભાળશે નહીં અને હવે પછી પંચાયતમાં થતા કોઈ પણ આર્થિક વ્યવહાર કે સહી-સિક્કા માટે તેઓ જવાબદાર રહેશે નહીં. આ રાજીનામાની નકલ ગીતાબેન દ્વારા જિલ્લા વિકાસ અધિકારી ખેડા-નડિયાદ અને વિકાસ કમિશનર ગાંધીનગર ને પણ મોકલી આપવામાં આવી છે.

નડિયાદમાં ઓળખ ઉભી કરી ₹14 હજાર પડાવ્યાં

પડોશીના સંબંધી હોવાની ઓળખ આપી 14 હજારની છેતરપિંડી કરી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

નડિયાદ સંત ડુપ્લેક્સ માય મંદિર રોડ ઉપર રહેતા પ્રયાગભાઇ સુરેશભાઈ પંડયા ગોબલજ કોકાકોલા કંપનીમાં નોકરી કરી પરીવારનું જીવન નિર્વાહ કરે છે. તેઓ ઘરે હાજર હતા આ દરમ્યાન તેમના મોબાઈલ પર વોટસ ફોન કોલ આવ્યો હતો, જેમાં સામેથી કોઇ પુરુષે હું તમારી સોસાયટીમાં રહેતા કિંજલ ભાભીના સગા બોલુ છું. રૂ. 14 હજારની તાત્કાલીક જરૂર છે. હું તમને આવતી કાલે આપી દઈશ તેવી વાત કરેલ હતી. આમ, વિશ્વાસ આપી મોબાઈલ પર ક્યુ.આર.કોડ મોકલી આપ્યો હતો. જે કોડ ઉપર ઓનલાઇન 14 હજાર મોકલી આપ્યાં હતા. જેનો પૈસા મોકલી આપ્યાનો સ્કીનશોટ સામાવાળાને મોકલી આપ્યો હતો. જે સ્કીનશોટ મોકલતા જ ફરીવાર બીજા રૂ.11 હજારની જરૂરીયાત છે. તેઓ વોટસઅપ મેસેજ આવ્યો હતો. પરંતુ ટ્રાન્જેકશનમાં ફેલ લખાઈ આવતા તેઓએ તુરંત જ કિંજલભાભીના મોબાઈલ નંબર પર ફોન કરી ઉપરોકત હકીકત જણાવી હતી જેથી તેઓએ જણાવેલ કે, મારો વોટસઅપ નંબર હેક થયેલ છે,તે કોઈ બીજા વ્યક્તિ વાપરે છે તમે ઓનલાઈન રૂપીયા નાખતા નહી. આમ, છેતરપિંડીનો ભોગ બન્યાં હતાં. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે સાયબર ક્રાઇમનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

ખંભાત ONGC શાળામાં બોમ્બ મુક્યાની અફવાથી દોડધામ થઈ

વાલીઓ શાળાએ પહોંચ્યા, વાઇસ પ્રિન્સિપાલે અફવા ન માનવા અપીલ કરી

(પ્રતિનિધિ) ખંભાત તા.17

ખંભાત શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી ONGC પ્રાથમિક શાળામાં બૉમ્બ હોવાની અને બાળકોને ઉપાડતી ટોળકી આવી હોવાની અફવાઓ ફેલાઈ હતી. આ અફવાઓ વાયુવેગે પ્રસરતા વાલીઓ પોતાના બાળકોને લેવા માટે શાળાએ દોડી આવ્યા હતા.અફવાને કારણે ગભરાયેલા વાલીઓ પોતાના બાળકોને શાળામાંથી ઘરે લઈ ગયા હતા.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શાળાના શૈક્ષણિક સ્ટાફ દ્વારા તાત્કાલિક પોલીસની મદદ

લેવામાં આવી હતી.માહિતી મળતા જ ખંભાત શહેરના પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિત પોલીસ જવાનો ONGC શાળા ખાતે પહોંચ્યા હતા. તેમણે સ્થળ પર તપાસ હાથ ધરી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. શાળાના વાઇસ પ્રિન્સિપાલ ભાનુપ્રસાદ વાટલીયાએ જણાવ્યું હતું કે, શાળામાં બૉમ્બ હોવાની કે બાળકોને ઉપાડતી ટોળકી આવી હોવાની વાત માત્ર અફવા છે. આવી કોઈ ઘટના શાળામાં બની નથી.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, શાળાનું શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ ચાલુ જ છે અને દરરોજ નિયમિત રીતે ચાલુ રહેશે. વાલીઓએ કોઈપણ અફવાઓમાં ન આવવું અને સમયસર પોતાના બાળકોને શાળાએ મોકલવા તેમણે અનુરોધ કર્યો હતો.

કપડવંજમાં નિ:શુલ્ક ભગવાન મહાવીર વાત્સલ્યધામનો પ્રારંભ

આધુનિક સગવડો સાથે વાત્સલ્યધામનું નિર્માણ કરવામાં આવ્યું છે

(પ્રતિનિધિ) કપડવંજ તા.16

કપડવંજના જૈન સમાજના આત્મિક આનંદ ફાઉન્ડેશને નોખા પ્રકારનાં કારણોથી વાત્સલ્યધામનું નિર્માણ કર્યું છે.જેનું ઉદ્ઘાટન સંપન્ન થયું છે. ૭૦ થી ૭૫ વયસ્કો વાત્સલ્યધામમાં રહી શકે તે પ્રકારનું સંકુલ તૈયાર કર્યું છે.જેમાં કોઈપણ પ્રકારનો ચાર્જ લીધા વગર તમામ સુવિધઓ સાથે સંકુલનું નિર્માણ જૈનાચાર્ય ચંદ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્ય મુનિ હંસબોધિવિજયજી મ.સા.ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

આ અંગે આત્મિક ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે આત્મિક ફાઉન્ડેશન સંચાલિત પૂ.ગુરુમા પં. ચંદ્રશેખરવિજયજી મ.સા. તથા મુનિ હંસબોધિવિજયજી મ.સા. ના આશિષથી સ્વ. સવિતાબેન મોહનલાલ શાહ હસ્તે શીતલબેન કિર્તીભાઈ જૈનના સહયોગથી ભગવાન મહાવીર સ્વામી વાત્સલ્યધામ કપડવંજની જયંત હોસ્પિટલ ની ખડકી,હોળીચકલા ખાતે આકાર પામ્યું છે.મહાવીર સ્વામી વાત્સલ્યધામનું ઉદ્ઘાટન પ્રસંગે અમદાવાદના વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર,જીવનધારા વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી મંડળ, આંબાવાડી જૈન સંઘના પ્રમુખ પ્રવિણભાઈ આત્મારામભાઈ શાહ,જૈન યુવક મહાસંઘના પ્રમુખ ભદ્રેશભાઈ શાહ, પ્રહલાદભાઈ પટેલ(યુ. એસ.એ.)ખાસ ઉપસ્થિત રહ્યા હતા.ઉદઘાટન સમારંભ અંતર્ગત ચાર દિવસીય વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં અઠ્ઠમતપના ભવ્ય અત્તરવાયણા,મહાપ્રભાવક શક્રસ્તવ મહાઅભિષેક, ઉપકરણ વંદનાવલી તથા અઠ્ઠમ તપસ્વીના પારણાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.વાત્સલ્યધામમાં એકપણ રૂપિયાનો ચાર્જ લેવામાં આવશે નહી. વાત્સલ્યધામમાં રહેવા આવતા તમામ વડીલોને નિ:શુલ્ક રાખવામાં આવ્યું છે. મુનિ હંસબોધિવિજયજી મ.સા. ના માર્ગદર્શન પ્રમાણે જૈન

ધર્મના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવશે.તેમના માર્ગદર્શન હેઠળ અમદાવાદના લાંભા ખાતે ૨૯૫ વયસ્કો માટે જીવનધારા વૃધ્ધાશ્રમ કાર્યરત છે. આ જ સંકુલમાં ભગવાન મહાવીર હોસ્પિટલ આકાર પામી રહી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225